સ્પે.મુ.નં. ૩–૨૦૧૮

<u>આંક–૫ નીચે હુકમ</u>

(૧) હાલનો દાવો વાદીએ પ્રતિવાદી વિરૂદ્ધ રૂા. ૪૦,૦૦,૦૦૦/– ના આંકથી વિજ્ઞાપન, કાયમી મનાઇ હુકમ તેમજ સંયુક્ત નામમાંથી અડધી મિલકત સ્વતંત્ર નામે દાખલ કરવા રજૂ કરેલો છે. જેમાં વાદીએ હાલની અરજી રજૂ કરી "અમો વાદીની માલિકી કબજા ભોગવટાની સીમ જમીન સર્વે નં. ૧૮૧/૯ પૈકી ૨ ની હે. ૪–૦૩–૬૮ ચો.મી. (એ. ૯–૩૯ ગૂંઠા) માંથી પૂર્વ તરફની સાડા બાર વિઘા જમીનમાં વાવેલ વાદીનો ઘઉંનો પાક લેતા પ્રતિવાદી અટકાવે નહીં તેમજ વાદીને આ જમીનમાં ઉપજ નિપજ લેતા તેમજ ખેડ કરતા અટકાવે નહીં તેવો દરમ્યાન મનાઇ હુકમ પ્રતિવાદી વિરૂદ્ધ કે તેના નોકર, ચાકર કે એજન્ટ કે ત્રાહિત વ્યક્તિ આ જમીનમાં પ્રવેશ કરે કે કરાવે નહીં તેવો દરમ્યાન મનાઇ હુકમ આપવા નમ્ર અરજ છે." દાદ માંગેલ છે.

(૨) વાદીની અરજીની બિના છે કે, મોજે ગામ–ભાયાવદરની રે.સ.નં. ૧૮૧/૯ પૈકી ૨ વાળી જમીન વાદી તથા પ્રતિવાદીના સંયુક્ત ખાતે ચાલે છે અને પશ્ચિમ તરફના શેઢાથી સાડા બાર વિઘા જમીન પ્રતિવાદી તથા પૂર્વ તરફની સાડા બાર વિઘા જમીન વાદી ખેડી વાવે છે અને કબજો ભોગવટો ધરાવે છે. દાવાવાળી જમીન વાદી અને પ્રતિવાદીના પિતા ગુજરનાર પોપટભાઇએ તા. ૧૬–૧૨–૧૯૬૪ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલી. વાદીએ ચાલુ વર્ષે સાડા બાર વિઘામાં ઘઉંનુ વાવેતર કરેલ છે, પરંતુ પ્રતિવાદી તેમાં રૂકાવટ કરે

છે અને પાંચ વિઘા જમીન પ્રતિવાદીને ન આપે તો મારવા દોડે છે તથા ઈલેક્ટ્રિક મોટર ચલાવવા દેતા નથી કે ઢાળીયામાં ઢોર બાંધવા દેતા નથી. જેથી હાલનો દાવો દાખલ કરેલ છે. વાદીએ તેમની અરજીના સમર્થનમાં નિ. ૪/૧ થી ગામ નમુના નં. ૮(અ) નો ઉતારો, ૪/૨ થી ગામ નમુના નં. ૭ નો ઉતારો, ૪/૩ થી ગામ નમુના નં. ૧૨ નો ઉતારો, ૪/૪ થી ૪/૬ સુધી ગામ નમુના નં. ૬ ની નોંધો, ૪/૭ થી દાવાવાળી જમીનનો રફ સ્કેચ, ૨૫/૧ થી ચે.કે.નં. ૧૩૪/૧૮ ની ફરિયાદ, ૨૫/૨ થી ચે.કે.ની લેખિત ફરિયાદ, ૨૫/૩ થી ચે.કે. નં. ૧૩૫/૧૮ ની ફરિયાદ, ૨૫/૪ થી પ્રતિવાદીએ દિલિપભાઇ લખમણભાઇ વિરૂદ્ધ કરેલ ચેપ્ટર કેસની ફરિયાદ, ૨૫/૫ થી ચે.કે. નં. ૧૩૬/૧૮ ની ફરિયાદ, ૨૫/૬ થી પ્રતિવાદીએ વિવેકભાઇ કારાભાઇ વિરૂદ્ધ કરેલ ચેપ્ટર કેસની ફરિયાદ અને ૨૫/૭ થી પ્રતિવાદીનું પોલીસે લીધેલ નિવેદનની નકલ રજૂ કરેલ છે.

(૩) હાલની અરજી દાખલ થતાં પ્રતિવાદી વિરૂદ્ધ નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ હતો. જે નોટીસ પ્રતિવાદીને વગર બજે આવેલ છે, પરંતુ પ્રતિવાદીએ જાતે હાજર થઇ આંક–૧૩ થી તેમનો જવાબ રજૂ કરેલ છે. જેમાં જણાવેલ છે કે, વાદીની અરજી ખરી નથી, અરજીમાં લખેલ વિગતો ખરી નથી. વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી જે તે વખતે ત્રણ કપડાભેર સંયુક્ત કુટુંબમાંથી અલગ રહેવા ગયેલ. પ્રતિવાદીને મિલકતમાંથી કોઇ ભાગ આપેલ નહતો. પરંતુ વાદી, પ્રતિવાદી તથા તેમના પિતા સંયુક્ત રીતે ખેતી કરતા હતા. પ્રતિવાદી થોડો સમય ભાડે રહેલા બાદ માતૃશ્રી લાભુબેન પોપટભાઇ ભીમાણીના નામે

સંયુક્ત ખેતીમાંથી મેળવેલ આવકમાંથી ખુલ્લો પ્લોટ ખરીદેલો અને તેમાં પ્રતિવાદી પોતાના ખર્ચે બાંધકામ કરી રહે છે. દાવાવાળી જમીનની અડધો અડધ વહેંચણી થયેલ હોવાનુ કે તેનો કબજો ધરાવતા હોવાનુ કે તેમાં ખેડી વાવતા હોવાની વિગત ખરી નથી. વાદી તથા પ્રતિવાદીના સંયુક્ત નામે ભાયાવદર–૧ રે.સ.નં. ૧૮૧/૯ પૈકી ૨, ૧૨૧/૧, ૧૨૧/૨ અને ૧૮૧/૯ પૈકી ૧ વાળી જમીન આવેલી છે જેમાં દાવાવાળી જમીન સિવાયની જમીનમાં પક્ષકારોના માતા તથા બહેનોના નામ સંયુક્ત માલિક તરીકે દાખલ થયેલ છે. તે ઉપરાંત ભાયાવદર ખાતે સીટ નં. ૩૧ સી.સ.નં. ૧૦૬૬/૨૭ તથા સીટ નં. ૩૪ સી.સ.નં. ૧૨૦૩ પૈકીવાળા મકાનો આવેલ છે જે તમામના સંયુક્ત નામે ચાલે છે. તે ઉપરાંત સુરત વરાછા વિસ્તારમાં સરીતા સોસાયટીમાં રહેણાંકનો ત્રણ માળનો ગાળો આવેલ છે જે વાદી, પ્રતિવાદી તથા તેમના પિતાના સંયુક્ત નામે આવેલ છે. જે સંયુક્ત આવકમાંથી ખરીદાયેલ છે. દાવાવાળી જમીન પૈકી આશરે ૨૦ વિઘા જમીન પ્રતિવાદીના કબજે ભોગવટે આવેલી છે જ્યારે બાકીની ૫ વિઘા જમીન વાદીના કબજે આવેલ છે. તે ઉપરાંત રે.સ. નં. ૧૨૧/૧, ૧૨૧/૨ અને ૧૮૧/૯ પૈકી ૧ વાળી આશરે ૨૭ વિઘા જમીન વાદી વાવે, ખેડે છે અને કબજો ભોગવટો ધરાવે છે. જે વાદીના પિતાએ ખરીદેલ હતી. આમ, કુલ–૫૨ વિઘા જમીન આવેલી છે. જેમાંથી ૨૦ વિઘા જમીન પ્રતિવાદી, ૨૦ વિઘા જમીન વાદી વાવે, ખેડે છે જ્યારે બાકીની ૧૨ વિઘા જમીન પક્ષકારોના માતા લાભુબેનની ખોરાકી, પોષાકીની રાખેલ છે. જે લાભુબેન વાદી સાથે રહેતા હોઇ તે જમીન પણ વાદી વાવે, ખેડે છે. જ્યારે સી.સ. નં. ૧૦૬૬/૨૭ વાળી જમીનમાં બાંધકામ કરી પ્રતિવાદી રહે છે. જે જમીન સંયુક્ત કુટુંબની આવકમાંથી લાભુબેનના નામે

ખરીદાયેલ છે, પરંતુ લાભુબેને તા. ૦૮/૦૨/૨૦૧૮ ના રોજ તે જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ વાદીના નામનો કરી આપેલ છે જે પ્રતિવાદીનો હક્ક ડુબાડવા માટેનો કરેલ છે. સી.સ. નં. ૧૨૦૩ પૈકીવાળા મકાનમાં વાદી તથા માતા રહે છે. જે પણ પોપટભાઈએ ખરીદ કરેલી છે અને વડીલોપાર્જિત છે. જ્યારે સુરતવાળી મિલકતનો કબજો ભોગવટો પક્ષકારોના મોટા બહેન હીનાબેન પાસે છે અને એક માળમાં તેઓ રહે છે તથા બાકીના બે માળ ભાડે આપેલ છે અને તેનું ભાડુ હીનાબેન લે છે. જે વાદીને આપવામાં આવે છે. તે મકાન રિપેરીંગ કરાવવા માટે પ્રતિવાદીએ એકાદ વર્ષ પહેલા હીનાબેનને રૂપિયા દોઢ લાખ આપેલા. જે પ્રતિવાદીને પરત મળેલ નથી. પક્ષકારોની સ્થાવર કે જંગમ મિલકતના કોઈ ભાગ પડેલ નથી. તે જમીન પક્ષકારોના પિતાએ ખરીદ કરેલ હોઈ વડીલોપાર્જિત મળેલ છે. દાવાવાળી જમીન પૈકી પશ્ચિમ તરફના શેઢેથી ૨૦ વિઘા જમીનનો કબજો પ્રતિવાદીનો છે અને ૫ વિઘા જમીનનો કબજો વાદીનો છે અને તેમા પક્ષકારો વાવે, ખેડે છે. દાવાવાળી જમીન પૈકી આશરે ૧૪ વિઘા જમીનનો કબજો છેલ્લા ૧૦ વર્ષથી પ્રતિવાદી પાસે હતો. બાદમાં તા. ૧૪/૧૨/૨૦૧૭ ના રોજ નોટરી રૂબરૂનું લખાણ કરી કુલ ૨૦ વિઘા જમીનનો કબજો, ભોગવટો પ્રતિવાદીને આપેલો. વાદીએ જણાવ્યા મુજબની કોઈ હરકત, અંતરાય પ્રતિવાદીએ કરેલ નથી. વડીલોપાર્જિત મિલકતની વહેંચણી થયા વગર વાદીના સ્વતંત્ર નામે સાડા બાર વિઘા જમીન થઇ શકે નહીં. વાદીએ તેમના દાવામાં બાકીની કોઈ જમીનનો કે મિલકતોનો ઉલ્લેખ કરેલ નથી. પ્રતિવાદી પાસે ૨૦ વિઘા જમીનનો કબજો હોઈ તે પડાવી લેવા માટે વાદીએ ખોટી અરજી દાખલ કરેલ છે. પ્રતિવાદીએ તેમના બચાવના સમર્થનમાં નિ. ૧૭/૧ થી ગામ નમુના નં. ૮(અ) નો ઉતારો,

૧૭/૨ થી ગામ નમુના નં. ૭ નો ઉતારો, ૧૭/૩ થી ગામ નમુના નં. ૧૨ નો ઉતારો, ૧૭/૪ થી ૧૭/૬ સુધી ગામ નમુના નં. ૬ ની નોંધો, ૧૭/૭ થી ગામ નમુના નં. ૮(અ) નો ઉતારો, ૧૭/૮ થી ૧૭/૧૩ સુધી ગામ નમુના નં. ૭ અને ૧૨ ના ઉતારા, ૧૭/૧૪ તથા ૧૭/૧૫ થી ગામ નમુના નં. ૬ ની નોંધો, ૧૭/૧૬ અને ૧૭/૧૭ થી પ્રોપર્ટી કાર્ડની નકલો, ૧૭/૧૮ થી સમજૂતિ કરાર અને ૨૧/૧ થી વેચાણ દસ્તાવેજની નકલ રજૂ કરેલ છે.

(૪) વાદીએ પ્રતિવાદીના જવાબ વિરૂદ્ધ આંક–૧૮ થી તેમનુ કાઉન્ટર એફીડેવીટ રજૂ કરી પ્રતિવાદીનો જવાબ ખોટો હોવાનુ જણાવેલ છે અને તેમની અરજીમાં લખેલ વિગતો ખરી હોવાનુ જણાવેલ છે.

(૫) વાદી પક્ષે વિ.વ.શ્રી જી.વી. દુદાણી તથા પ્રતિવાદી પક્ષે વિ.વ.શ્રી જી.વી. સોલગામાની દલીલો સાંભળેલ છે.

(૬) અરજી, જવાબ તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં, હાલની અરજીના યોગ્ય ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી સાબિત કરે છે કે, વાદીનો પ્રાયમાફેસી કેસ છે?

(૨) શું વાદી સાબિત કરે છે કે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે?

(૩) શું વાદી સાબિત કરે છે કે, મનાઈ અરજી મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણાંથી વળી ન શકે તેવું નુકશાન થવાની શક્યતા છે?

(૪) શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓના મારા તારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોક્ત મુદ્દાઓના તારણ ઉપર આવવાના મારા કારણો નીચે મુજબ છે.

<u>કારણો</u>

(૮.૧) મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઈ તેની ચર્ચા અહીંયા સંયુક્ત કરવામાં આવેલ છે.

(૮.૨) વાદીએ હાલનો દાવો મોજે ગામ ભાયાવદરની રે.સ.નં. ૧૮૧/૯ પૈકી ૨ વાળી જમીન વડીલોપાર્જીત હોવાનું જણાવી તેના સંદર્ભે દાખલ કરેલો છે. જે જમીન વડીલોપાર્જીત હોવા બાબતે પ્રતિવાદી પક્ષે તકરાર નથી. તે ઉપરાંત દાવાવાળી જમીન વાદી અને પ્રતિવાદીના સંયુક્ત નામે ચાલતી હોવા સંદર્ભે પણ પક્ષકારો વચ્ચે તકરાર નથી.

(૮.૩) વાદીએ જણાવેલ છે કે, દાવાવાળી ૨૫ વિઘા જમીન પૈકી પૂર્વ તરફની સાડા બાર વિઘા જમીન વાદીના કબજા, ભોગવટામાં આવેલી છે જ્યારે પશ્ચિમ તરફની સાડા બાર વીઘા જમીન પ્રતિવાદીના કબજા, ભોગવટામાં આવેલી છે. જે સંદર્ભે પ્રતિવાદીએ તકરાર લીધેલ છે. પ્રતિવાદીએ જણાવેલ છે કે,

વાદી, પ્રતિવાદીના પિતાની કુલ પર વિઘા જમીન આવેલી છે. જે પૈકી ર૦ વિઘા જમીન વાદીના કબજામાં છે, ર૦ વિઘા જમીન પ્રતિવાદીના કબજામાં છે અને ૧ર વિઘા જમીન પક્ષકારોના માતાની ખોરાકીપોશાકી માટે રાખવામાં આવેલ છે. જે વાદી સાથે રહેતા હોઈ વાદીના કબજામાં હોવાનું જણાવેલ છે. જેથી પ્રતિવાદીના જવાબ મુજબ દાવાવાળી રપ વિઘા જમીન પૈકી ર૦ વીઘા જમીન પ્રતિવાદીના કબજામાં અને ૫ વીઘા જમીન વાદીના કબજામાં છે.

(૮.૪) વાદી તથા પ્રતિવાદી પક્ષે ઉપરોક્ત તકરાર સંદર્ભે મુખ્યત્વે કોર્ટ કમિશ્નર દ્વારા કરવામાં આવેલ પંચનામાં ઉપર આધાર રાખેલ છે. સદરહુ પંચનામુ નિ. ૧૦/૩ થી રજૂ થયેલ છે. જે પંચનામાના પેજ-૩ ઉપર "અને આ વાદગ્રસ્ત જગ્યામાં વાદીની જમીનમાં વચ્ચે જે કૂવો, ઓરડી તથા બે એક ધારીયા આવેલ છે ત્યાર પછીની અંદાજે ર૦ વિઘા વાદી બાજુ તથા ર૦ વિઘા પ્રતિવાદી બાજુ એમ બંનેની જમીન બાજુ બંને વાદી પ્રતિવાદીની પરસ્પર સંમતિથી ર૦-ર૦ વિઘાનુ વાવેતર કરવા-ઘઉં વાવેતર કર્યુ ત્યારથી સમજૂતિ કરાયેલ છે." વધુમાં પેજ-૪ ઉપર "અને જે ઘઉંનુ વાવેતર છે જેમાંથી પાંચ વિઘાની જમીનમાં ઘઉંનુ વાવેતર પ્રતિવાદી કરે તેવી સહમતિ વાદીએ આપેલ છે." આમ, રજૂ થયેલ પંચનામુ જોતા પંચનામામાં બે અલગ-અલગ જગ્યાએ અલગ-અલગ માપનો ઉલ્લેખ કરેલ છે તે સંજોગોમાં વાદી કે પ્રતિવાદીનો દાવાવાળી જમીન પરનો કબજો કે કબજાનું ક્ષેત્રફળ સ્પષ્ટ થતું નથી.

(૮.૫) પ્રતિવાદીએ તેમના જવાબમાં જણાવેલ છે કે, વાદી, પ્રતિવાદી, પક્ષકારોની બહેનો અને પક્ષકારના માતાની મળીને કુલ-પર વિઘા જમીન આવેલ છે જેમાંથી દાવાવાળી જમીન વાદી તથા પ્રતિવાદીની સંયુક્ત માલિકીની

છે જ્યારે બાકીની ૩૨ વિઘા જમીન બહેનો અને માતા સાથે સંયુક્ત માલિકીની આવેલ છે. જેમાંથી ૧૨ વિઘા જમીન માતાની ખોરાકી પોષાકી માટે રાખેલ છે જ્યારે બાકીની ૨૦ વિઘા જમીન વાદીના કબજામાં હોઇ અને વાદી તેમાં ખેતી કરી ઉત્પન્ન લેતા હોઇ અને પ્રતિવાદી પાસે ઓછી જમીન હોઇ વાદી અને પ્રતિવાદી વચ્ચે એક સમજૂતિ કરાર થયેલો. જે કરાર પ્રતિવાદીએ નિ. ૧૭/૧૮ થી રજૂ કરેલો છે. જે કરારમાં દાવાવાળી જમીન પૈકી ૨૦ વિઘા જમીનનો કબજો પ્રતિવાદીને સોંપવામાં આવેલો છે અને બાકીની પાંચ વિઘા જમીનનો કબજો વાદીને સોંપવામાં આવેલો છે અને સદરહુ કરારનો અમલ ૭/૧૨ ના દાખલા મુજબ સ્વતંત્ર ભાગ પડે નહીં ત્યાં સુધી અમલમાં રહેશે તેમ જણાવેલ છે. જે લખાણ બાબતે વાદીએ તેમના કાઉન્ટર એફીડેવિટમાં તે લખાણ ગેરકાયદેસર સ્વરૂપનુ, છળકપટથી કરેલ હોવાનુ જણાવેલ છે અને જમીન વાદી પાસેથી પડાવી લેવા તે લખાણ ઉભુ કરેલાનુ જણાવેલ છે તથા વાદીને લખાણ કરી છેતરેલ હોવાનુ જણાવેલ છે.

સદરહુ નિ. ૧૭/૧૮ વાળુ લખાણ જોતા તે નોટરી રૂબરૂ પક્ષકારોની સહી, અંગૂઠા તથા ફોટા લગાડીને કરવામાં આવેલ છે. વાદીએ તેમના કાઉન્ટર એફીડેવિટમાં સદરહુ લખાણમાંની સહી તેમની ન હોવા બાબતે કોઇ તકરાર લીધેલ નથી. વાદીના જણાવ્યા મુજબ જો લખાણ છેતરીને કરાવેલ હોય તો વાદીએ તે લખાણ ખોટુ ઠરાવવા માટે કોઇ કાર્યવાહી કરેલ નથી કે, તે દસ્તાવેજ છળકપટથી તૈયાર કરવા બાબતે પણ પ્રતિવાદી વિરૂદ્ધ કોઇ કાર્યવાહી કરેલ નથી. જો સદરહુ કરાર વાદી પાસેથી છેતરપીંડીથી કરાવેલ હોય તો પણ તે ક્યા કારણસર સહી કરેલ હતી તે વાદીએ જણાવવુ પડે. પરંતુ વાદીએ તેમના કાઉન્ટર

એફીડેવિટમાં આ સંદર્ભે કોઇ હકીકત જણાવેલ નથી. વાદીએ તેમની સમજૂતિ કરારમાંની સહી સ્વીકારેલ હોય તે જ્યાં સુધી રદ્દ ન થાય અથવા ખોટો ન ઠરે ત્યાં સુધી હાલના તબક્કે તે કરાર અસ્તિત્વમાં છે તેમ માનવુ રહ્યું.

(૮.૬) આમ, સદરહુ સમજૂતિ કરાર મુજબ દાવાવાળી જમીન પૈકી સાડા બાર વિઘા જમીન વાદીના કબજામાં હોવાનુ પ્રથમદર્શનિય રીતે સાબિત કરવામાં વાદી નિષ્ફળ નિવડેલ હોઇ તથા સમજૂતિ કરાર મુજબ પ્રતિવાદી દાવાવાળી જમીન પૈકી ૨૦ વિઘા જમીનના કબજામાં હોવાનુ પ્રથમદર્શનિય રીતે જણાતુ હોઇ પૂર્વ તરફની સાડા બાર વિઘા જમીનમાં વાદીને પાક લેતા, ઉપજ નિપજ લેતા તેમજ ખેડ કરતા અટકાવવા માટે પ્રતિવાદીને મનાઇ હુકમ આપવાની જે દાદ માંગેલ છે તે આ તબક્કે મંજૂર કરવામાં આવે તો પુરાવો લીધા સિવાય વાદીનો દાવો મંજૂર કર્યા બરાબર થાય. જેથી તેવા પ્રકારની દાદ આ તબક્કે મંજૂર થઇ શકે નહીં. વધુમાં, વાદીએ કોર્ટ કમિશ્નર દ્વારા કરાવેલા પંચનામામાં પણ વાદી, પ્રતિવાદી પાસે ૨૦-૨૦ વિઘા જમીન આવેલી હોવાનું જણાય છે. જે પંચનામા વિરૂદ્ધ વાદી પક્ષે આજદિન સુધી વાંધો લીધેલ નથી. તે સંજોગોમાં વાદીએ જે સાડા બાર વિઘા જમીનનો કબજો તેમનો હોવાનું જણાવેલ છે તે પ્રથમદર્શનીય રીતે સાબિત કરી શકેલા નથી.

(૮.૭) વાદી તથા પ્રતિવાદી પક્ષે તેમના સમર્થનમાં ત્રાહિતોના સોગંદનામાં રજૂ કરેલા છે. પરંતુ તે સોગંદનામા વાદી અને પ્રતિવાદીની તરફેણમાં બંન્ને બાજુ હોઇ તકરારી જમીન બાબતે સ્પષ્ટ અભિપ્રાય પર આવવા માટે મદદરૂપ થતાં નથી. વધુમાં સદરહુ સોગંદનામાને હાલના તબક્કે માનવામાં આવે તો પણ હાલની અરજીના નિકાલમાં મદદરૂપ થઇ શકે તેમ નથી. તે સંજોગોમાં પક્ષકારો

તરફે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખવો ન્યાયોચિત જણાય છે. આમ, વાદી દાવાવાળી જમીન પૈકી સાડા બાર વિઘા જમીનનો કબજો ધરાવતા હોવાનુ પ્રથમદર્શનિય રીતે સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

(૯) આમ, ઉપરોક્ત ચર્ચાને અંતે વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીના લાભમાં નથી. જો મનાઈહુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી ન વળી શકે તેવુ નુકશાન જવાની શક્યતા પણ જણાતી નથી. આમ, મારા મુદ્દા નં. ૧ થી ૩ ના જવાબ નકારમાં ઠરાવુ છુ અને મુદ્દા નં. ૪ પરત્વે મારો આખરી હુકમ નીચે મુજબ કરૂ છુ.

|| હુકમ ||

- વાદીની અરજી નામંજુર યાને કે રદ્દ કરવા હુકમ કરવામાં આવે છે.
- હાલની અરજીનું તમામ ખર્ચ વાદીએ ભોગવવુ.

હુકમ આજ તા. ૧લી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

ધોરાજી.
તા. ૦૧-૦૯-૨૦૧૮.

(સચીન પ્રતાપરાય મહેતા)
એડીશનલ સીનીયર સીવીલ જજ,
ધોરાજી.
કોડ નં. જીજે૦૦૯૩૪

Self